GCCI
2019-20
# Gujarat Chamber of Commerce & Industry
Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

11850

## Press Note

૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯

**કેન્દ્રના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીથારમણે જાહેર કરેલ રાહતોને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો આવકાર**

ભારત સરકારના માનનીય નાણાં પ્રધાન શ્રીમતી નિર્મલા સીથારમણ દ્વારા આજે યોજાયેલ પત્રકાર પરિષદમાં ઉદ્યોગોને રાહત આપવાના ઉદ્દેશથી પ્રત્યક્ષ કરવેરા અંગે ફેરફારોની અમુક ઘોષણાઓ કરવામાં આવી છે.

માનનીય નાણાં પ્રધાન દ્વારા જાહેર કરવામાં આવેલ નિર્ણયો અંગે પ્રત્યાઘાત આપતાં GCCIના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ અને ડાયરેક્ટ ટેક્ષ કમિટિના ચેરમેન શ્રી જૈનિક વકીલે જણાવ્યું હતું કે આ ફેરફારો આવકાર્ય છે. તેમણે વધુમાં જણાવ્યું કે GCCI દ્વારા કેન્દ્રીય બજેટ-૨૦૧૯-૨૦ પહેલાં જે પ્રિ-બજેટ મેમોરેન્ડમ આપવામાં આવ્યું હતું અને અમદાવાદ ખાતે માનનીય નાણાં પ્રધાન મિટિંગમાં જે સૂચનો આપવામાં આવ્યા હતા તે મહદ્અંશે સ્વીકારવામાં આવ્યા છે જે એક આવકાર્ય બાબત છે. હાલમાં ઘણાં નાના ક્ષેત્રના વેપારીઓને પણ તકલીફ પડી રહી છે. આજના જાહેર કરેલ સ્ટીમ્યુલસ પેકેજ જેવા લાભો ટૂંક સમયમાં નાના ઉદ્યોગકારો તથા વેપારીઓને પણ મળશે તેવી આશા GCCI દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

GCCI એ ઉમેર્યું કે ભારતના અર્થતંત્રને વૈશ્વિક ઉતાર-ચઢાવને કારણે મંદીના અમુક સમયગાળા જોવા પડયા છે અને હાલમાં યુ.એસ. અને ચાઇના વચ્ચેના ટ્રેડ વૉરને કારણે જયારે વૈશ્વિક મંદી ના એંધાણ ઘેરાયા છે ત્યારે તેની અસર ભારતના અર્થતંત્ર પર પણ પડી છે. આવા સંજોગોમાં સરકાર દ્વારા ઉદ્યોગોને રાહત આપવી ખુબજ જરૂરી જણાતી હતી જેનું ધ્યાન રાખી આ સુધારાઓ કરવા જરૂરી હતા.

GCCI દ્વારા  ખાસ કરીને સ્થાનિક કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્ષ દરમાં જે ઘટાડો કરી ૨૨% કોર્પોરેટ કરવામાં આવ્યો છે અને મેન્યુફેક્ચરીગ સેક્ટરમાં પ્રવેશ કરતી નવી કંપનીઓ માટે ઘટાડા સાથે ૧૫%ના ટેક્ષ દરના નિર્ણયની ખાસ પ્રસંશા કરી હતી અને જણાવ્યું હતું કે આ નિર્ણય નિશ્ચિતપણે વર્કીંગ કેપીટલ તેમજ કંપનીઓના વિસ્તરણ માટે વધારાના નાણાં ઉપલબ્ધ કરવામાં મદદ કરશે.

GCCI એ જણાવ્યું હતું કે GCCI ના પ્રિ-બજેટ મેમોરેન્ડમમાં MAT માં ઘટાડા અંગેના સૂચનનો પણ આ સુધારાઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે જે ચાલુ પ્રોજેક્ટને મોટી રાહત આપશે.

તા. ૫ જુલાઇ, ૨૦૧૯ના રોજ અંદાજપત્રમાં શેર્સના બાયબેક ઉપર જે ટેક્ષ જાહેર કરવામાં આવેલ હતો તે નાબુદ કરવામાં આવ્યો છે અને તે પગલાંને GCCIએ આવકાર્યું હતું. આવાં પગલાંથી લીસ્ટેડ કંપનીના પ્રમોટરોનું પોતાની કંપનીના નિયમનમાં સુધારો થશે.

GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

2019-20

## Press Note



GCCIએ વધુમાં ઉમેર્યું કે ગુજરાત ઉત્પાદન ક્ષેત્રે ઘણું અગ્રેસર રહેલ છે તો ગુજરાતના ઉદ્યોગપતિઓને આ જાહેરાતથી ઘણો ફાયદો થાય તેવું લાગે છે. આ પગલાંને કારણે MSME સેક્ટરનું કોસ્ટ ઓફ કેપીટલમાં ઘટાડો થવાથી તેમનું ઉત્પાદન વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહેવાની સંભાવના વધશે તેથી એક્સપોર્ટ ક્ષેત્રે પ્રગતિ વધવાની શક્યતાઓ રહેલ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આજની જાહેરાતમાં જણાવ્યા મુજબ ૨% સીએસઆર ફંડ કોર્પોરેટ દ્વારા જાહેર ક્ષેત્ર માન્ય કોઇ પણ સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન સેન્ટર હોય તેની પાછળ ખર્ચ કરવાની છુટ આપવામાં આવેલ છે. આવા પગલાથી ભારતના સ્ટાર્ટઅપના વિકાસમાં મોટું યોગદાન આપી શકે છે.

GCCI દ્વારા આજના ભારત સરકારના નાણામંત્રીશ્રી દ્વારા જાહેર કરેલા પગલાંની પ્રસંશા કરી હતી તથા ભારત સરકારનું વર્ષ-૨૦૨૪ સુધીમાં $૫ ટ્રીલીયન ઇકોનોમી કરવાનું લક્ષ્ય હાંસલ કરવાના પગલાં માંનું એક જણાવ્યું હતું.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*

GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org

# Press Note

11850

**20th September, 2019**

## Gujarat Chamber of Commerce & Industry appreciates announcements made by Hon'ble Finance Minister – Smt. Nirmala Sitharaman

Hon. Finance Minister Smt. Nirmala Sitharaman today in the press conference announced the next round of relief measures in order to provide relief to the Industries.

In response to the decisions announced, GCCI President Shri Durgesh Buch and Shri Jainik Vakil, Chairman Direct-Tax Committee - GCCI appreciated the measures and stated that most of the recommendations made by the GCCI in the pre-budget memorandum 2019-20 and other suggestions submitted during the meeting with the Hon. Finance Minister have been accepted and due measures have been announced accordingly. GCCI is hopeful for similar stimulus for other small manufacturers and traders who are also worst hit.

GCCI is of the opinion that after the liberalization era India's economy is well-connected with Global shocks. Moreover, The Recent US-China Trade war has resulted into the recessionary pressure across the world and in turn has impacted India's economy adversely. It was necessary for Government to provide relief to industries.

GCCI especially appreciated the reduction in corporate tax rate for companies to 22% for domestic entities and 15% for new entities entering into manufacturing. He said that this decision will surely help to improve the liquidity and will pump in additional funds for utilization in working capital & Expansion.

GCCI also pointed that the reduction in MAT as suggested by us in our pre-budget memorandum has also been announced, which will provide a huge relief to the ongoing projects.

The abolition of tax on Buy-back of shares which was announced earlier in the Union Budget on 5th July, 2019, is a very welcome step, as this will improve promoters' control on listed entities.

With reference to the inclusion of new provision of Income-tax Act with effect from FY 2019-20 which allows any new domestic company incorporated on or after 1st October 2019 making fresh investment in manufacturing, an option to pay income-tax at the rate of 15% has been announced. This will increase investments in manufacturing sector and will improve competitiveness of India's Manufacturing sector across the Globe. Also, Since Manufacturing sector provides highest employment it will have positive impact on employment generation.

GCCI President also welcomed the decision of Union Government of providing permission of utilizing CSR funds into incubation that will give positive push to start-ups across the country.

Overall the steps announced by the Hon. Finance Minister Smt. Nirmala Sitharaman have been appreciated and GCCI remarked that these steps have reaffirmed the Government's commitment towards achieving the target of US $ 5 Trillion.

---

**To,**

**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Tanmay Mehta**
**Secretary General**